જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૯/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૦૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૩૧૦ લીટર દેશી દારૂ, ૧૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨ બોટલ (ક્વાર્ટર) ઈંગ્લીશ દારૂ, અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૧/૧૪**

**વટવાઃ** આરીફ દાઉદભાઈ કુરેશી (રહે.વસંત ગજેન્દ્ર ગડકરનગર વટવા ચાર માળીયા રેલવે ક્રોસીંગ વટવા) એ વા.સા.હોસ્પીટલ ખાતે વટવા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૯/૧૪ કલાક ૨૩/૨૦ વાગ્યાના સુમારે વટવા પતરાવાળી મસ્જીદ નજીક આરોપી (૧) શાબીર ઉર્ફે કામા સત્તારભાઈ શેખ (રહે.વટવા ચાર માળીયા) અને (૨) જહોન (જેના પુરા નામ સરનામા ખબર નથી) એ ભેગા મળી કોઈ કારણસર આરીફના ભાઈ જાકીર દાઉદ કુરેશી (ઉ.વ.આશરે ૩૫) ઉપર છરી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ કરી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આઈ બી અજમેરી ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૨/૧૪**

**સોલા હાઈકોર્ટઃ** અનોખીબહેન શ્રવણકુમાર લબાના (ઉ.વ.૧૭)(રહે.અજંતા એપાર્ટમેન્ટ થલતેજ) ને તા.૧૩/૯/૧૪ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકમાં ભાડેથી રહેતો શકદાર આરોપી તેજસ યાદવ (પુરા નામ સરનામાની ખબર નથી ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ અનોખીબહેનના પિતા શ્રવણકુમાર લબાનાએ તા.૨૩/૯/૧૪ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી જી ડાભી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** હરિશભાઇ તુલશીરામ કુસ્વાહ (રહે .નંદનંદન ઔડાના મકાનમાં નિર્ણયનગર રાણીપ) એ તા.૨૩/૯/૧૪ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૯/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ઉમિયા હોલ ત્રણ રસ્તા નજીકથી હરીશભાઈના સાળા દિપક સુખપાલસિંગ (ઉ.વ.૧૬) નુ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એ.જી ગોહિલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૧૩/૧૪**

**શાહીબાગઃ** જાવેદ મહેમુદ દેસાઇ (રહે. આનંદમીલન ટાવર અમુલ પાર્લર વિઠલનગર રોડ શાહીબાગ) એ તા.૨૩/૯/૧૪ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરે નોકર તરીકે કામ કરતો મહંમદનસીમ ઇમરાન (રહે, મુળ ગામ બઉરમ તાલુકો બીરોલ જીલ્લો દરભંગા બિહાર) ઘરમાંથી તા.૨૩/૯/૧૪ પહેલાના સમયે સોનાનો સેટ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ અંગેની તપાસ પો.સ.ઈ શ્રી જે એલ ચૌહાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૪/૧૪**

**મણીનગરઃ** સુલભ નિપુણકુમાર પંડ્યા (રહે.રંગકુટીર ફલેટ પરમાનંદ સોસાયટી જુના રેલવે ક્રોસીંગ પાસે મણીનગર) તા.૨૧/૯/૧૪ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે મણીનગર અરીમા નામની દુકાન નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ સુલભના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,.૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સુલભ પંડયાએ તા.૨૩/૯/૧૪ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર એન ખાંટ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૧૫/૧૪**

**શાહપુરઃ** જાફરભાઈ નુરમહમદભાઈ મોમીન (રહે.મુબારક સોસાયટી ટેલીફોન ઓફીસ પાછળ સરખેજ રોડ) એ તા.૧૯/૯/૧૪ સવારનાં ૧૦/૦૦ વાગે શાહપુર ગુજરાત સમાચાર ખાનપુર ફેમસ બેકરી નજીક પાર્ક કરેલ પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ બીએક્સ ૩૫૩૨ કિમત રૂપિયા ૪૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ જાફરભાઈ મોમીને તા.૨૩/૯/૧૪ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

**નરોડાઃ** હર્ષદભાઈ લાલાભાઈ પ્રજાપતિ (રહે.ગામ વર્ધાના મુવાડા તાલુકો દહેગામ જીલ્લો ગાંધીનગર) એ તા.૨૨/૯/૧૪ સવારનાં ૮/૦૦ વાગે નરોડા જીઆઈડીસી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ ના દરવાજા નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧૮ એવી ૨૩૩૭ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૪/૪૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હર્ષદભાઈ પ્રજાપતિ એ તા.૨૩/૯/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ એસ અસારી ચલાવે છે.

**વેજલપુરઃ** સ્નેહલભાઈ જયંતીભાઈ રાઠોડ (રહે.મધુરમ એપાર્ટમેન્ટ જીવરાજપાર્ક) એ તા.૩/૯/૧૪ રાતના ૯/૩૦ વાગે પોતાના રહેણાંકના પાર્કિંગમાં પોતાની હ્યુન્ડાઈ સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચએમ ૨૧૯૨ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૪/૯/૧૪ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સ્નેહલભાઈ રાઠોડે તા.૨૩/૯/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે આર રાવત ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** જીગ્નેશભાઈ છનાલાલ પ્રજાપતિ (રહે.વિરવાડી ત્રીમુર્તિ ફ્લ્ટની સામે મેમનગર) એ તા.૨૧/૯/૧૪ બપોરના ૨/૦૦ વાગે સોલા સિવીલ હોસ્પીટલના પાર્કિંગમાં પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીઝેડ ૩૭૪૦ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ જીગ્નેશભાઈ પ્રજાપતિએ તા.૨૩/૯/૧૪ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એલ રાજપુર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૧૬/૧૪</u>**

**વટવાઃ** તાહિરભાઈ નબુભાઈ શેખ (રહે.બોમ્બે હોટલ પાછળ એવનનગર દાણીલીમડા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે કે તા.૨૩/૯/૧૪ કલાક ૦૦/૩૦ વાગે તાહિરભાઈના સંબંધી અલ્ફેજ ઉર્ફે રાજુ (ઉ.વ. ૧૬) વિનસમ હોટલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે લકઝરી બસના ચાલકે બસ બેદરકારીથી અને પુર ઝડપે ચલાવી અલ્ફેજના મોટર સાયકલને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા વા.સા.હોસ્પીટલ ખાતે સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજ્યું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી એ પઠાણ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૧૭/૧૪</u>**

**દાણીલીમડાઃ** શીલાબહેન ગીરીશભાઈ ગાયકવાડ (ઉ.વ.૩૪)(રહે.બાબરકાકાની ચાલી સંજયભવન સામે છીપા સોસાયટી દાણીલીમડા) તા.૧૭/૯/૧૪ સાંજના ૭/૦૦ વાગે પોતાના ઘરે ચુલા ઉપર પાણી ગરમ કરતા હતા ત્યારે પહેરેલ કપડાને ઝાળ લાગી જતા દાઝી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૩/૯/૧૪ કલાક ૮/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર એમ વસાવા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૧૮/૧૪</u>**

**ઓઢવઃ** અંતરાબહેન વિશાલભાઈ પટેલ (ઉ.વ.૨૨)(રહે.આગનપાર્કાઅશિષ સિનેમા પાછળ ઓઢવ) એ કોઇ કારણસર તા.૨૩/૯/૧૪ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે એસ ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.